અપીલ અરજી નં.૩૫૩ તા.૨૪–૧૦–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા. ૨૩–૮–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના કમિશ્નર પી.એ.નો ફોન સુરેશ એમ પટેલને તા. ૧૬–૬–૧૧ના રોજ બપોરે ૧:૨૭ વાગે આવેલ ત્યાર બાદ મેં સામેથી કમિશ્નરના પી.એ.ને ૧:૫૨ ને ફોન પર જણાવેલ કે હું કમિશ્નરને સાંજે ૪:૩૦ વાગે મળવા આવીશ ત્યાર બાદ હું કમિશ્નરના પી.એ.ને ૪:૨૫ વાગે મળેલ અને કમિશ્નરને મળવા માટે મને ૪:૪૦ વાગે મુલાકાત કરાવેલ અને મેં જે રજુઆત કમિશ્નરને કરેલ જેની નોંધ કમિશ્નર તરફથી કાગળ ઉપર લખવામાં આવેલ અને મને તપાસ કરાવી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ તો કમિશ્નર તરફથી જે નોંધ કાગળ પર કરાવેલ તેના અનુસંધાનમાં કમિશ્નર તરફથી નોંધ કરવામાં આવેલ પ્રશ્નોનો કયા કયા વિભાગ પાસે શું શું તપાસ કરવામાં આવી તેની સંપૂર્ણ તપાસ નકલ ફાળવવી તેમજ તપાસ પુરી થઈ ગયા બાદ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૩/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા. ૨૩–૮–૧૧ની અરજીથી સુ.મ.ન.પા.ના કમિશ્નર પી.એ.નો ફોન સુરેશ એમ પટેલને તા. ૧૬–૬–૧૧ના રોજ બપોરે ૧:૨૭ વાગે આવેલ ત્યાર બાદ મેં સામેથી કમિશ્નરના પી.એ.ને ૧:૫૨ ને ફોન પર જણાવેલ કે હું કમિશ્નરને સાંજે ૪:૩૦ વાગે મળવા આવીશ ત્યાર બાદ હું કમિશ્નરના પી.એ.ને ૪:૨૫ વાગે મળેલ અને કમિશ્નરને મળવા માટે મને ૪:૪૦ વાગે મુલાકાત કરાવેલ અને મેં જે રજુઆત કમિશ્નરને કરેલ જેની નોંધ કમિશ્નર તરફથી કાગળ ઉપર લખવામાં આવેલ અને મને તપાસ કરાવી કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ તો કમિશ્નર તરફથી જે નોંધ કાગળ પર કરાવેલ તેના અનુસંધાનમાં કમિશ્નર તરફથી નોંધ કરવામાં આવેલ પ્રશ્નોનો કયા કયા વિભાગ પાસે શું શું તપાસ કરવામાં આવી તેની સંપૂર્ણ તપાસ નકલ ફાળવવી તેમજ તપાસ પુરી થઈ ગયા બાદ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેની સંપૂર્ણ માહિતી આપવા બાબતે જે માહિતી આપવામાં આવી છે જે ખોટી અને ગેરમાર્ગે દોરાવનાર હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની તા. ૨૩–૮–૧૧ની અરજી અંગે થયેલ તપાસની કાર્યવાહીની દફતરી હકીકત નકલ સહ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૫ તા.૮–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને ખોટી–ગેરમાર્ગે દોરતી માહિતી અંગે આધાર સહ તા. ૨૩–૮–૧૧ની અરજીના પરિપેક્ષ્યમાં સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૨૯ તા.૧૮–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૨૦ તા.૨૨/૩૦–૯–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૧૯ તા.૧૩–૯–૧૧ થી ૬/૨૩૫૫ કાજીની વાડી મહીધરપુરામાં જરી મશીનના કારણે ઉત્પન થતા અવાજની માત્રા બાબતે પ્રાદેશિક અધિકારી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, રીંગરોડ, સુરતને અભિપ્રાય માટે લખેલ પત્રની નકલ, નોંધ વિભાગ, તા.૧૬–૬–૧૧ ના રોજ અરજદારની કમિ.શ્રી સમક્ષ થયેલ મીટીંગના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૧૧–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૨૦ તા.૨૨/૩૦–૯–૧૧ થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) બીપીએમસી–૩૧૩ ના અનુસંધાનમાં મુદ્દા નં.(૨) ૬/૨૩૫૫ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન ચાલે છે. તેવા મુદ્દા નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જી.પી.સી.બી.ને સેન્ટ્રલઝોન આરટીઆઈ/આ.નં.૧૦૧૯ તા.૧૩–૯–૧૧ થી પત્ર લખી અવાજની માત્રાનું પ્રમાણ

જણાવવા માટે સ્પષ્ટ અભિપ્રાય આપવા જણાવવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) એસએમસીએ કોર્ટના ચૂકાદાનું ખોટું અર્થઘટન કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી બાબતે રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે અભિપ્રાય આપવાનો રહેતો નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) ૫/૭૫૨ તરતીયા હનુમાનશેરી પાછળના ભાગમાં ગેરકાયદેસર કબ્જા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આપે માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ મહીધરપુરા થોભાશેરીની પાછળ જાજરૂગલીમાં ગંદકી બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મહીધરપુરા થોભાશેરીની પાછળ જાજરૂગલીમાં મ. આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ તથા સુપરવીઝનથી અવાર નવાર જાજરૂ ગલીની સફાઈ કરાવી વોર્ડના સફાઈ કામદારો પાસે જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ ૪/૨૯૪ કેમીકલની તીવ્ર વાસ આરોગ્ય બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૫–૮–૧૧ ના રોજ ૪/૨૯૪ માં કલમ–૩૭૬ મુજબ કોર્ટ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તથા જીપીસીબી તીવ્ર વાસ અંગેનું પ્રમાણ જાણવા આ.નં.સે.ઝોન/આરટીઆઈ/૧૦૧૮ તા.૧૩–૯–૧૧ થી અભિપ્રાય માંગવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.જેમાં જાહેર માહિતી અધિકારીએ કમિ.શ્રીની અરજદારની તા.૧૬–૬–૧૧ ની મુલાકાત દરમ્યાન કાર્યવાહી કરવા નોંધ કરેલ છે અને જે અંગે થયેલ કાર્યવાહીની અરજદારને જાહેર માહિતી અધિકારીએ માહિતી આપેલ છે જે અંગે અરજદારે આપેલ માહિતી બાબતે અપીલ તબકકે પૂરક પ્રશ્નો અપીલના આધારમાં રજૂ કરેલ છે. જેમાં અરજદારે અપીલના આધારના મુદ્દા નં.૧ માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે અને છુપાવવામાં આવેલ છે. જે અંગે અરજદારે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. અપીલના મુદ્દા નં.(૨) મુદ્દા નં.૧ માં જે માહિતી આપવામાં આવેલ છે તેમાં મુદ્દાની જાણકારી આપેલ છે પરંતુ માહિતી અધિકારી તરફથી માહિતી આપવામાં આવેલ નથીઆરટીઆઈ એકટ કલમ–૩૧૩ ની તેવું જણાવેલ છે. અરજદારે મુદ્દા નં.૧ અને ૨ની બીપીએમસી એકટ–૩૧૩ ના અનુસંધાનમાં ૬/૨૩૫૫ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન ચાલે છે જેના સંદર્ભે કરેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. અપીલના મુદ્દા નં.(૩) મે જે માહિતી માંગેલ તેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ ની જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે તેમજ ગેરમાર્ગે દોરાવનાર માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી મને જણાવવામાં આવેલ છે કે જીપીસીબી ને સેન્ટ્રલઝોન આરટીઆઈ આ.નં.૧૦૧૯ તા.૧૩–૯–૧૧ થી પત્ર લખી અવાજ ની માત્રાનું પ્રમાણ જણાવવા માટે અભિપ્રાય આપવા જણાવવામાં આવેલ છે તેવું જણાવેલ પરંતુ જીપીસીબી તરફથી ગુ.પ્ર.નિ.બોર્ડ/સુરત/ટી–૧૪/૧૪૬૬–૨૦૧૧ તા.૩૧–૧૨–૧૦ ના રોજ ૬/૨૩૫૫ વાળી મિલ્કતમાં ચાલતા જરી હેવી ટવીસ્ટીંગ મશીનો અવાજની માત્રાનો રીપોર્ટ આ.નં.૧૦૫૪૩ તા.૨૮–૧૧–૧૦ સર્ટી ઈ.ચા. આરોગ્ય અધિકારીને રવાના કરવામાં આવેલ હોય તેમ છતાં ખોટી જાણકારી તેમજ ખોટી માહિતી આપવામાં આવી તેમજ કાર્યવાહી પણ કરવામાં ન આવી જીપીસીબી નો સુરત/ટી–૧૪–૧૪૬૬ નો પત્ર સામેલ તેમજ અવાજની માત્રાનો આ.નં.૧૦૫૪૩ તા.૨૮–૧૧–૧૦ નો પત્ર સામેલ તેમજ ઝોનલચીફને તા.૨૮–૮–૧૧ ના રોજ કાર્યવાહી કરવા માટેની અરજીની નકલ સામેલ. અપીલના મુદ્દા નં.(૪) મે જે માહિતી માંગેલ તે માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં. ૩ થી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ છે કે રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે પરંતુ મુદ્દા નં.૩ ના અનુસંધાનમાં કાર્યપાલક ઈજનેર, કમિશનર, ઈ.ચા. આરોગ્ય અધિકારી, વીજીલન્સ, ઝોનલશ્રી શહેર વિકાસ વિભાગ તમામને કોર્ટના ચૂકાદાનું ખોટું અર્થઘટન કરવા બદલ તા.૧૩–૫–૧૧ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ તે નકલ સામેલ તેમજ સુમનપા તરફથી કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવી અને મને ખોટી જાણકારી જાહેર માહિતી અધિકારીએ આપી શા માટે સુમનપાનો તા.૧૩–૫–૧૧ ના રોજ કરવામાં આવેલ અરજી બાબતે કાર્યવાહી ન કરવા રેકોર્ડ ન બન્યો તો શુ ખરેખર અરજી કયાં ગઈ? અપીલના મુદ્દા નં.(૫) મે જે માહિતી માંગેલ તે માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ થી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે. તા.૧૮–૪–૧૧, ૨૬–૭–૧૧ કમિશનર, ઝોનલ, વીજીલન્સ , સેન્ટ્રલઝોન દબાણને વિગતવાર અરજીઓ કરવામાં આવેલ તો અરજી બાબતે સુમનપાએ શું તપાસ જ ન કરી એ પણ એક સવાલ છે જેના કારણે રેકોર્ડ બન્યો તો શું ખરેખર અરજીઓ કયાં ગઈ કરવામાં આવી અરજીની નકલ બિડાણ. અપીલના મુદ્દા નં.(૬) મે જે માહિતી માંગેલ તે માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૫ થી જે માહિતી આપવામાં આવી છે તે ખોટી છે મને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ છે કે મે આરોગ્ય અધિકારીની દેખરેખ હેઠળ સાફસફાઈ કરાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે પરંતુ આ ખાડીની સાફ સફાઈ ચાર મહિનામાં એક જ વાર કરવામાં આવેલ છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અવારનવાર સફાઈ થાય છે તેવું ખોટું જણાવેલ છે. આજે પણ ખાડીમાં ગંદકીનું પ્રમાણ છે તો પછી કયા આધારે અધિકારી જણાવેલ છે કે અવાર નવાર સફાઈ થાય છે. અપીલના મુદ્દા નં.૭ મે જે માહિતી માંગેલ તે માહિતીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ થી જે માહિતી આપવામાં આવેલ છે જે ખોટી છે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે ૪/૨૯૪ વાળી મિલ્કતના માલીક ઉપર જવલનશીલ પદાર્થનો પરવાનો ન હોવાથી તા.૨૫–૮–૧૧ ના રોજ બીપીએમસી એકટ –૩૭૬ મુજબ કોર્ટ ફરીયાદ દાખલ કરેલ છે પરંતુ આજે પણ ૪/૨૯૪ વાળી મિલકતના માલીક સુમનપાના આરોગ્ય વિભાગ પાસે જવલનશીલ

પદાર્થનો પરવાનો મેળવ્યા વગર જવલનશીલ પદાર્થનો વપરાશ ચાલુ જ છે જેથી કેમીકલ્સની તીવ્ર વાસ આવેલ છે તેમ છતાં ખોટી માહિતી આપવામાં આવેલ છે તેમજ જાહેર માહિતી અધિકારી જણાવેલ છે કે ગેરકાયદેસર વપરાશ કરતાં જવલન પદાર્થનો વપરાશના કારણો જે તીવ્ર વાસ કેમીકલ્સની આવે છે જે વાસ અંગેનું પ્રમાણ જાણવા જીપીસીબી ને આ.નં.સે.ઝોન/૧૦૧૮ તા.૧૩–૯–૧૧ થી પત્ર જી.પી.સી.બી. ને રવાના કરેલ છે તેવું જણાવેલ પરંતુ વન અને પર્યાવરણ વિભાગના સચિવએ તા. ૨૮–૭–૦૯ ના પત્રમાં જવાબદારી સુમપાની નકકકી કરેલ જે પત્ર સામેલ છે તેમજ વન અને પર્યાવરણ ના ઉપસચિવે તા.૫–૧૦–૧૧ ના પત્ર માંપણ જવાબદારી સુમપાની નકકી કરેલ છે તેવું જણાવેલ છે જે પત્રસામેલ છે.) તેમજ ગુ.પ્ર.બોર્ડના પ્રાદેશિક અધિકારી સુરત વિભાગે પણ ગુ.પ્ર.નિ.બોર્ડ/સુરત/ટી–૨૪૩ /૫૭૨ ના તા.૧૮–૬–૧૦ ના પત્રમાં જવાબદારી સુમનપાની નકકી કરવામાં આવી તે પત્ર સામેલ તેમજ વન અને પર્યાવરણ વિભાગના ઉપસચિવએ તા.૧૮–૧૧–૧૦ ના પત્રમાં પણ જવાબદારી સુમપાની નકકી કરેલ જે પત્ર સામેલ તેમજ ગુ.પો. નિ. બોર્ડ ગાંધીનગર ના ઉપસચિવે તા.૧૩–૧૨–૧૦ ના પત્રમાં પણ જવાબદારી સુમનપાની જ નકકી કરેલ છે તેમ છતાં જરીગીલીટના એકમો માં જે જવલનશીલ પદાર્થનો વપરાશ થાય છે જેના કારણે તીવ્ર વાસ આવે છે તે ફરીયાદ સુમનપાને કરવામાં આવે છે. જે અરજીઓ ખોટી રીતે ગુ.પો.નિ.બોર્ડ ને ખોટી રીતે મોકલવામાં આવે છે. જે પુરાવા સામેલ છે જે ધ્યાનમાં લેતાં કાર્યવાહી કરવાની જવાબદારી સુમનપાની જ આવે છે. જે ધ્યાનમાં લેવું તેમજ સુમનપા ના જાહેર માહિતી અધિકારી આસી. કમિ.એ તા.૪–૨–૦૬ ના પત્રમાં જણાવેલ કે જરીગીલીટના એકમોમાં જવલનશીલ પદાર્થો ફકત ને ફકત બીપીએમસી એકટ–૩૭૬ મુજબ સંગ્રહ માટેના પરવાના મેળવી ખોટી રીતે જવલનશીલ પદાર્થોનો વપરાશ કરવામાં આવે છે જે વાત પણ ધ્યાનમાં લેવી.

જથ્થાના સંગ્રહ અને વપરાશની રજૂઆત બાબતે શ્રી હેમંત એન. દેસાઈ અગાઉની આ બાબતેની અપીલ નં.૩૧૨ / ૧૦–૧૧ તા.૩–૧–૧૧ અન્વયે વિગતવાર હુકમ કાયદાકીય જોગવાઈ સંદર્ભ કરવામાં આવેલ છે જ. તે મુજબ નિર્દિષ્ટ કલમમાં જથ્થાના સંગ્રહ ઉપયોગ અને વપરાશનો હેતુ સ્વયં સ્પષ્ટ છે જ અને તેની નકલ એસએમસી ની વેબ સાઈટ WWW.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે જ.

અરજદારની અપીલ તબકકે આપેલ માહિતીમાંથી ૧ થી ૭ પૂરક પ્રશ્નો કરુલ રજૂઆત સંદર્ભે મુદ્દા નં.૩ માં જાહેર માહિતી અધિકારીને જીપીસીબીને આ.નં.૧૦૧૮ તથા ૧૦૧૯ તા.૧૩–૯–૧૧ ના પત્ર બાબતે આ.નં.૧૦૧૯ અવાજની માત્રાનો પ્રત્યુત્તર ૩૧–૧૨–૧૦ ના રોજ તથા ૧૦૧૮ નો પત્ર પણ જીપીસીબીએ રવાના કરેલ છે તેથી માહિતી ખોટી હોવાનો દાવો પૂરક પ્રશ્નમાં અપીલ તબકકે કરેલ છે પરંતુ તેના કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમજ મુદ્દા નં.૩ માં તા.૨૮–૮–૧૧ ની અરજીની નકલ બીડાણ હોવાનું જણાવેલ છે પરંતુ નકલ બીડાણ સામેલ નથી. તથા મુદ્દા નં.૪ માં મુદ્દા નં.૩ ની તા.૧૩–૫–૧૧ ના રોજ આપેલી અરજી અંગેની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૫ માં મુદ્દા નં.૪ બાબતે તા.૧૮–૪–૧૧ અને તા.૨૬–૭–૧૧ ની અરજી બાબતે કાર્યવાહીની રજૂઆત કરેલ છે. જે કાર્યવાહીને લગતી રજૂઆત હોઈ સ ક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. મુદ્દા નં.૬ માં મુદ્દા નં.૫ ની અવાર નવાર સફાઈની માહિતી ખોટી છે જેમાં ૪ માસમાંએક જ વખત સફાઈ થાય છે તેવી રજૂઆત કરેલ છે. અને મુદ્દા નં.૭ માં મુદ્દા નં.૬ ની આપેલી માહિતી માં જવલનશીલ પર્દાથની સંગ્રહની જગ્યાએ વરપરાશ કરે છે તેવી તકરાર નિવારણને લગતી રજૂઆત કરવામાં આવેલ છે. આમ અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીમાં કમિ.શ્રીની તા.૧૬–૬–૧૧ ની ૪.૧૫ કલાકેની મુલાકાત વખતે કમિ.શ્રીની નોંધ બાબતે શું તપાસ અને કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માંગવામાં આવેલ છે જે બાબતે કમિ.શ્રી તરફથી ઝોનલચીફ સેન્ટ્રલઝોનને તા.૧૬–૬–૧૧ થી મોકલવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોને અરજદારે તા.૨૩–૮–૧૧ ની અરીજીથી તા.૧૬–૬–૧૧ ની નોંધ બાબતે પૂર્તતા કરેલ છે. જેમાં અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવામાં આવેલ છે. જેમાં સેન્ટ્રલઝોન તરફથી ૧૦૧૮ અને ૧૦૧૯ તા.૧૩–૯–૧૧ ના રોજ જીપીસીબીને પાઠવેલ પત્રો ની માહિતી આપેલ છે. અરજદારે અપીલમાં જીપીસીબી તરફથી બંને પત્રોના અભિપ્રાયો રવાના કરવામાં આવેલ હોવાનું અપીલમાં દાવો કરેલ છે પરંતુ તેના પુરાવા રજૂ કરેલ નથી. તેમ છતાં અરજદારે અપીલમાં જીપીસીબી તરફથી તા.૩૧–૧૨–૧૦ થી જીપીસીબી તરફથી ગુ.પો.નિ.બોર્ડ /સુરત/ ટી / ૧૪ / ૧૪૬૬/૨૦૧૧ નો પત્ર આરોગ્ય અધિકારીને રવાના કરેલ છે જો તેની નકલ તથા ૧૦૧૮ નો પત્ર સામે જીપીસીબીએ રવાના કરેલ છે જો તેની નકલ દફતરે ઉપલબ્ધ હોય તો તથા તે અંગે કોઈ કાર્યવાહી કરી હોય તો તેની વિગત અન્યથા દફતરી હકીકત અરજદારને પૂરી પાડવાની રહે. અરજદારે અપીલમાં કરેલ કાર્યવાહીને લગતા અને તકરાર નિવારણને લગતી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

અરજદારની જીપીસીબીના વિવિધ પત્રોથી સુ.મ.ન.પા.ને કાર્યવાહી કરવા જણાવેલ સંદર્ભ પત્રો વિચારણામાં લેવામાં આવે તો તે માહિતી આપવા અંગે કે કાર્યવાહી હાથ ધરવા કે મોકલ્યા અંગેના છે પરંતુ કાર્યવાહી માટે સુ.મ.ન.પા. પક્ષે પ્રદુષણની માત્રા નકકી કરવા જીપીસીબી સાથેનો પત્ર વ્યવહાર અનુચિત જણાતો નથી. જેથી આ મુદ્દા અંગે અરજદારના અપીલમાંના દાવાને સમર્થન મળતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી જીપીસીબીને પાઠવેલ પત્ર નં.૧૦૧૮ અને ૧૦૧૯ બાબતે જીપીસીબી તરફથી અભિપ્રાય રવાના કરેલ હોવાનો દાવો કરેલ છે જે અંગે પત્રો મળેલ હોય અને કોઈ કાર્યવાહી થયેલ હોય તો અન્યથા તે અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલમાં જણાવેલ તારીખોની અરજીની કાર્યવાહી બાબતે સક્ષમ સત્તાને તથા તકરાર નિવારણ બાબતે તકરાર નિવારણની બાબત હેઠળ અલાયદી રજૂઆત કરવી રહે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),.જાણ તથા અમલ માટે....
(૨) શ્રી સુરેશ એમ. પટેલ